# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૮/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# દક્ષિણ ગુજરાતમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા તથા ઇનોવેશન ફોકસ આંત્રપ્રિન્યોરશિપ ઉભી કરવા ચેમ્બર અને એસવીએનઆઇટી વચ્ચે એમઓયુ કરવામાં આવ્યું

**દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો, ચેમ્બર અને એસવીએનઆઇટીના એમ.ઓ.યુ.નો ઉપયોગ કરી કોન્ટ્રાકટ રિસર્ચ પણ કરાવી શકશે અને તેના થકી વૈશ્વિક સ્પર્ધામાં ઝંપલાવવાની દિશામાં આગળ વધી શકશે**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા એસોસીએશન ફોર હાર્નેસિંગ ઇનોવેશન એન્ડ આંત્રપ્રિન્યોરશિપ (ASHINE) NIDHI ટેકનોલોજી બિઝનેસ ઇન્કયુબેટર, એસવીએનઆઇટી દ્વારા શનિવાર, તા. ૨૬ જૂન ૨૦૨૧ના રોજ એમ.ઓ.યુ. સાઇન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયા, પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતી, ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલા અને ચેમ્બરની ઇનોવેશન એન્ડ સ્ટાર્ટ–અપ કમિટીના કો–ચેરમેન હરેશ કલકત્તાવાલા તથા એસવીએનઆઇટીના ડાયરેકટર ડો. એસ.આર. ગાંધી, રિચર્સ એન્ડ કન્સલ્ટન્સી ડીન ડો. જી.સી. જીનવાલા અને રિસર્ચ પાર્કના ઇન્ચાર્જ ડો. જે. બેનર્જી ઉપસ્થિત રહયા હતા.

આ એમ.ઓ.યુ. અંતર્ગત ચેમ્બર દ્વારા સ્થાનિક ઉદ્યોગો પાસેથી ટેકનોલોજીને લગતા પ્રશ્નો મેળવીને તેના નિરાકરણ માટે એસવીએનઆઇટીને મોકલવામાં આવશે. એસવીએનઆઇટી આ પ્રશ્નો સંદર્ભે રિસર્ચ કરી તેનું ટેકનીકલ નિરાકરણ લાવશે અને ત્યારબાદ ચેમ્બર તેને કોમર્શિયલાઇઝ કરશે. આ ઉપરાંત ચેમ્બર અને એસવીએનઆઇટી ભેગા મળીને સ્ટાર્ટ–અપ ક્ષેત્રે એક કમિટી બનાવશે અને આ કમિટી દ્વારા સુરતમાં જે કોઇપણ સ્ટાર્ટ–અપ ચેમ્બરને એપ્રોચ કરશે તે તમામને ભારત સરકાર તથા ગુજરાત સરકારની સ્ટાર્ટ–અપ પોલિસીના

લાભ અપાવવામાં મદદરૂપ થશે. સાથે જ શોર્ટ લિસ્ટેડ સ્ટાર્ટ–અપને એસવીએનઆઇટી તરફથી લેબોરેટરી સપોર્ટ આપવામાં આવશે તથા ચેમ્બર તરફથી માર્કેટીગ સપોર્ટ આપવામાં આવશે. ચેમ્બર દ્વારા સ્ટાર્ટ–અપ ઇન્વેસ્ટમેન્ટ ક્ષેત્રે આ અંગે એક વેન્ચર ફંડ પણ ઉભું કરવામાં આવશે. જે ફંડ દ્વારા આ કમિટી દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ–અપમાં ઇન્વેસ્ટમેન્ટ હાથ ધરવામાં આવશે.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, એમ.ઓ.યુ. સાઇન કરવા પાછળનો મુખ્ય હેતુ દક્ષિણ ગુજરાતમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા તથા ઇનોવેશન ફોકસ આંત્રપ્રિન્યોરશિપ ઉભી કરવાનો છે. ચેમ્બર દ્વારા એન્જીનિયરીગ ટેકનોલોજી, ઉર્જા, પર્યાવરણ, ઉત્પાદન, જેમ એન્ડ જ્વેલરી અને ટેકસટાઇલ ક્ષેત્રે ઇનોવેટીવ ટેકનોલોજી ઉભી કરવા કવાયત હાથ ધરાઇ છે. તેમણે એસવીએનઆઇટીને ડાયમંડ ક્ષેત્રે HPHT પ્રોસેસ થકી ડાયમંડ બનાવવાની પ્રક્રિયા કે જે હાલમાં ભારતમાં ઉપલબ્ધ નથી એ ટેકનોલોજી વિકસિત કરવા માટે સૂચન કર્યુ હતું.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતી દ્વારા દક્ષિણ ગુજરાતમાં વોટર વિવિંગ ઉદ્યોગને હાલમાં પડી રહેલી મલ્ટી ઇફેકટીવ ઇવોપરેટરના પ્રશ્નોના નિરાકરણ માટે તેની વૈકલ્પિક ટેકનોલોજીનો આવિષ્કાર કરી સુરતના વોટરજેટ ઉદ્યોગને પડતી પાણી નિકાલની સમસ્યાને દૂર કરવા માટે મદદરૂપ થવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ અંગે એસવીએનઆઇટી દ્વારા વૈકલ્પિક ટેકનોલોજી સંદર્ભે રિસર્ચ ચાલુ હોઇ ટૂંક સમયમાં ચેમ્બર તથા ગુજરાત સરકારને આ અંગે માહિતગાર કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું.

ઉપરોકત એમ.ઓ.યુ. દ્વારા હવે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો, ચેમ્બર અને એસવીએનઆઇટીના એમ.ઓ.યુ.નો ઉપયોગ કરી કોન્ટ્રાકટ રિસર્ચ પણ કરાવી શકશે અને તેના થકી તેઓ વૈશ્વિક સ્પર્ધામાં ઝંપલાવવાની દિશામાં આગળ વધી શકશે.